## સંક્ષિપ્ત સમાચાર

### ઇન્સ્ટાગ્રામ પર યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી ફોટા અપલોડ કરનાર ઝડપાયો

નવસારી : ઇન્સ્ટાગ્રામ પર એક યુવતીના નામે ફેક એકાઉન્ટ બનાવી તેમાં યુવતીના ફોટા અપલોડ કરી ગુનાહિત પ્રવૃત્તિ કરનાર ઈસમને નવસારી સાયબર ક્રાઇમ પોલીસે ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ એક યુવતીએ નવસારી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે કોઈ અજાણ્યા ઇસમે ઇન્સ્ટાગ્રામ પર તેના નામે ફેક એકાઉન્ટ બનાવી તેની તસવીરોનો ઉપયોગ કર્યો છે. પોલીસ ઇન્સ્પેક્ટર યુ. એલ. મોદીના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ ટીમે ટેક્નિકલ તેમજ હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે તપાસ કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. પકડાયેલ આરોપીની ઓળખ ધર્મેશભાઈ હરિશભાઈ પ્રજાપતિ (ઉંમર 19 વર્ષ, ધંધો - મજૂરી કામ, રહે. શક્તિનગર સોસાયટી, બાબેન રોડ, બારડોલી) તરીકે થઈ છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી ફોલોઅર્સ વધારવાના હેતુથી યુવતીઓના નામે ફેક એકાઉન્ટ બનાવી તેમાં તેમની તસવીરો અપલોડ કરતો હતો અને બાદમાં યુઝરનેમ બદલી દેતો હતો. આવા એક ફેક એકાઉન્ટમાં આશરે 9700 જેટલા ફોલોઅર્સ હોવાનું પણ બહાર આવ્યું છે.

### રાતા પાંજરાપોળમાં ગૌવંશોને ફળોનું વિતરણ



વાપી : વાપી નજીકના કોચરવા ગામ, જીઆઈડીસી થર્ડ ફેઝ સ્થિત હરિ ઓમ મિત્ર મંડળ દ્વારા વાપીના રાતા પાંજરાપોળમાં ગૌવંશોને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વખતે મકરસંક્રાંતિ પર્વને ધ્યાને લઈ તેના આગલા દિવસે હરિઓમ મિત્ર મંડળ દ્વારા આશરે 50 મણ કેળાનું વિતરણ કરવામાં આવ્યા હતા. ધીરૂભાઈ પટેલે જણાવ્યું હતું કે હરિઓમ મિત્ર મંડળ દ્વારા છેલ્લા 26 વર્ષથી સતત ગૌસેવામાં જોડાયેલા છે. માત્ર વાપી જ નહીં, પરંતુ આસપાસના વિસ્તારો અને મહારાષ્ટ્ર રાજ્યના પાંજરાપોળમાં રાખવામાં આવેલા ગૌવંશોને પણ તેઓ ફળો ખવડાવી સેવા આપતા આવ્યા છે.

### ધરમપુરમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે સંમેલમમાં 3000 યુવાન જોડાયા


આસીફ શેખ

ધરમપુર : વિવેકાનંદ ઉત્સવના ઉપક્રમે શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ ધરમપુર દ્વારા સોમવારે સ્વામી વિવેકાનંદજીની 164મી જન્મ જયંતીની (રાષ્ટ્રીય યુવાદિન) ઉજવણી નિમિત્તે યુવા રેલી અને બાદ એસએમએસએમ હાઈસ્કૂલ ખાતે યુવા સંમેલનનું આયોજન કરાયુ હતું. જેમાં તાલુકાની શાળા અને મહાશાળાના 3000 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. સવારે સ્વામી વિવેકાનંદ સ્મારક સમડીચોક સ્થિત વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાયા બાદ યુવા રેલીમાં 3000 વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. વિવેકાનંદજીનો જયઘોષ કરી યુવા રેલી એસએમએસએમ હાઈસ્કૂલ ખાતે યુવા સંમેલનના ફેરવાઇ ગઈ હતી. પ્રવચનમાં જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજશ્રી ટંડેલે વિદ્યાર્થીઓને સંબોધનમાં વિવેકાનંદજીને યુવા શક્તિ અને યુવા વિચારક તરીકે બિરદાવ્યા હતા. દરરોજ વિવેકાનંદજીના પુસ્તકોનું અધ્યન કરવા ઉપર ભાર મુક્યો હતો, પ્રાયોશા પ્રતિષ્ઠાન ડાંગના પ્રાણેતા પી.પી.સ્વામીએ જણાંવ્યું કે, આજે પણ વિવેકાનંદજી વિચારો સ્વરૂપે આપણી વચ્ચે જ છે, એમના વિચારોને અપનાવશું તો જીવન ઘડતર ખુબ સારું થશે. મુખ્ય વક્તા સંજય રાવલે 65 મિનિટના પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત લાવવાની વાત કરી, 84 લાખ યોની બાદ મળેલા મનુષ્ય જન્મને સાર્થક બનવવાની સાથે દેશ માટે કઈંક કરી છુટવાની અને મેડલો લાવવાની વાત કરી હતી.

### વાપીની કોર્ટે સીજીએસટીના આરોપી અધિકારીની જમીન અરજી ફગાવી

વાપી : વાપી સ્થિત સેન્ટ્રલ જી.એસ.ટી. અને સેન્ટ્રલ એક્સાઈઝ કચેરીમાં એન્ટી કરપ્શન બ્યુરોએ છટકું ગોઠવીને લાંચ લેતા ઝડપી પાડેલા આરોપી કલાસ ટુ આસી. એકાઉન્ટ ઓફિસર કપિલ નટવરલાલ જૈનની જામીન અરજી વાપીની કોર્ટે નામંજૂર કરી હતી. આ કેસની વિગત એવી છે કે, વાપીની CGST ઓફિસમાં ફૂલછોડના કુંડા સપ્લાય કરવાનો ઓર્ડર પૂરો કર્યો હતો. આ કામ પેટેના બિલના નાણાં મેળવવા માટે સપ્લાયરે ઓફિસનો સંપર્ક કર્યો હતો. જોકે, બિલ મંજૂર કરવાના અવેજમાં કચેરીના બે અધિકારીઓએ રૂપિયા ૨,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. તેમજ એસીબીની ટ્રેપ વખતે લાંચ લેતા ઝડપાયા હતા. વાપીની થર્ડ એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટના જજ પુષ્પાબેન સૈનીએ એજીપી રાકેશ ચાંપાનેરીયાની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી કપિલ જૈનની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

### ડુંગરામાં આર્મ્સ એક્ટનો આરોપી 2 વર્ષે યુપીથી ઝડપાયો

વાપી : વાપી ડુંગરા પોલીસ મથકમાં વર્ષ 2024માં આર્મ્સ એકટના નોંધાયેલા બે ગુનામાં ભાગતા-ફરતા ઈસમને યુપીથી પકડી પાડવામાં ડુંગરા પોલીસને સફળતા મળી હતી. વર્ષ 2024માં વાપી ડુંગરા, દાદરીમોરા, રાતા ખાડી જતા માર્ગ પરથી એસઓજી ટીમે બે પિસ્તોલ સાથે રામકુમાર રામ સ્નેહી (રહે. ડુંગરા ગામ, ડુંગરા-વાપી, મૂળ યુપી)ને ઝડપી પાડ્યો હતો. આ પિસ્તોલ તેણે તેજવીર ઉર્ફે દર્શન ઉર્ફે ગોલા નાઈ (રહે. મથુરા, યુપી) પાસેથી લીધી હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત એસઓજી ટીમે ડુંગરા કોલોની ત્રણ રસ્તા પાસેથી પણ તમંચા સાથે જાવેદ ઉર્ફે તંગડુ જમાલ ખાન (રહે. ડુંગરા ગામ, ડુંગરા-વાપી, મૂળ યુપી)ને પણ ઝડપી પાડ્યો હતો. આ તમંચો રામકુમાર પાલે આપ્યો હતો. વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એકટ હેઠળ નોંધાયેલા જુદા-જુદા બે ગુનાઓમાં ભાગતા ફરતા વોન્ટેડને પકડી પાડવા માટે વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને વાપીના નાયબ પોલીસ અધિક્ષક બી.એન.દવેના માર્ગદર્શન હેઠળ વાપી ડુંગરા પોલીસ મથકના પીઆઈ એસ.પી.ગોહિલે ટીમો બનાવી હતી અને ટેક્નિકલ સોર્સિસ તથા હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે મળેલી માહિતી મુજબ ડુંગરા પોલીસની ટીમ ઉત્તર પ્રદેશના મથુરામાં પહોંચી ગઈ હતી. ત્યાંથી તેજવીર સિંહ ઉર્ફે દર્શન ઠાકુર ઉર્ફે ગોલા લક્ષ્મણસિંહ નાઈ (ઉં.28)ને ઝડપી પાડી વાપી ડુંગરા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### ઇટાળવામાં કાર ડિવાઇડર સાથે અથડાતા એકનું મોત

નવસારી : નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઇટાળવા ગામની હદમાં વહેલી સવારે થયેલા માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું કરુણ મોત નિપજ્યું છે, જ્યારે ત્રણ અન્યને નાની-મોટી ઇજાઓ પહોંચી છે. આ અકસ્માત વિશાલનગરથી ગણદેવી તરફ આશરે 10 મીટર આગળ, ગણદેવીથી નવસારી તરફ આવતા રોડ પર આવેલા ડિવાઇડર કટ પાસે થયો હતો. મળતી માહિતી મુજબ તા. 12 જાન્યુઆરી 2026ના રોજ સવારે આશરે 4:45 કલાકે હ્યુન્ડાઇ આઇ-10 કાર નં. GJ-05 RL-7246નો ચાલક રાજેશભાઇ પ્રવિણભાઇ કંથારીયા પોતાની કાર અતિઝડપે અને બેદરકારીથી ચલાવી રહ્યો હતો. આ દરમિયાન કાર નિયંત્રણ બહાર જઈ ડિવાઇડર સાથે અથડાઈ હતી. અકસ્માતમાં કારમાં બેઠેલા કિરણભાઇ સુનભાઇ પટેલને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતા સ્થળ પર જ તેમનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળે છે. જ્યારે ચિરાગભાઇ કિશોરભાઇ પટેલ અને ઇમરાન ઇસ્માઇલ શેખને નાની-મોટી ઇજાઓ પહોંચી હતી.

# વાપીમાં રસ્તો પહોળો કરવાનું કામ વિરોધ વચ્ચે પણ ચાલું

**રસ્તો** બનાવવા સામે લોકોએ વિરોધ કરતા પોલીસ બોલાવવાની નોબત આવી

**પોલીસે** મહિલા અને પુરુષોને ડીટેઈન કરીને પોલીસ સ્ટેશન લઈ ગયા



વાપી : વાપીમાં મહાનગરપાલિકાએ મંગળવારે વાપીના ચલા વિસ્તારમાં ૪૦૦ મીટરનો રસ્તો પહોળો કરવાનું કામ સતત બીજા દિવસે પણ ચાલું રાખ્યું હતું. સોમવારે અહીં સ્થાનિક લોકોએ રસ્તો પહોળો કરવા સામે વિરોધ દર્શાવ્યો હતો. સાડા ચાર મિટર પહોળો રસ્તો બનાવવા સામે લોકોએ વિરોધ કરતા પોલીસ બોલાવવાની નોબત આવી હતી. પોલીસે કેટલીક મહિલા અને પુરુષોને ડીટેઈન કરીને ડુંગરા પોલીસ સ્ટેશને લઈ ગયા બાદ રસ્તાની કામગીરી ચાલું રાખી હતી.

વાપી મનપા બન્યા બાદ એક વર્ષ પૂરું થયું છે. હવે ફેબ્રુઆરીમાં મનપાનું બીજું બજેટ આવવાનું છે તે પહેલા વિકાસના કામોને ઝડપભેર પૂરા કરવા માટે મનપાએ કમરકસી છે. ત્યારે વાપીના ચલા વિસ્તારમાં ચોકીફળિયામાં ૪૦૦ મિટરના રસ્તાને પહોળો કરવા માટે મનપાની ટીમ પહોંચી હતી ત્યારે સ્થાનિક લોકોએ જેમાં મહિલાઓ પણ હતી તેમણે કામગીરીને રોકીને રસ્તો પહોળો કરવા સામે વિરોધ દર્શાવ્યો હતો.

જોકે મનપાના આસિસ્ટન્ટ કમિશનર આસ્થા સોલંકીએ સ્થળ ઉપર જઈને લોકોને આ રસ્તાથી લાભ થશે તેની વાત કરીને આ કામગીરી ચાલું રહેશે તેવું જણાવ્યું હતું. ત્યાર બાદ પોલીસ પણ સ્થળ પર આવી જતા આઠ મહિલા અને ચાર પુરુષોને સ્થળ ઉપરથી ડીટેઈન કરી ડુંગરા પોલીસ સ્ટેશન ઉપર લઈ જવાયા હતા.

મંગળવારે રસ્તાની કામગીરી ચાલું રહી હતી. જોકે મંગળવારે કોઈ વિરોધ જોવા મળ્યો ન હતો. પોલીસની હાજરી વચ્ચે રસ્તો બની રહયો છે. સામી ચૂંટણીએ દરેક કામમાં હોબાળો થઈ રહયો છે. રસ્તા બનાવવા માટે માગણી થઈ રહી હોય તેવા સમયે ડામરનો રસ્તો બનતો હોય તો તે લોકો માટે ઉપયોગી જ થવાનો છે. જોકે મનપાએ આ રસ્તા બાબતમાં કોઈ બાંધછોડ નહીં કરીને કામને આગળ ધપાવ્યું હતું.

વાપીમાં માર્ગોના નવીનીકરણ કાર્ય દરમિયાન ચલા ચોકી ફળિયા વિસ્તારમાં કોઈપણ નોટિસ આપ્યા વિના રસ્તાની પહોળાઈ અને ઘરો તોડી નાખવા સહિતના મુદ્દે વિરોધ વ્યક્ત કરી સ્થાનિકો મોટી સંખ્યામાં વલસાડ પહોંચી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

## વલસાડમાં મોબાઈલ હેક કરીને 1.26 લાખની ઠગાઈ

**અજાણ્યા** શખ્સોએ મોબાઈલમાં APK ફાઇલ ડાઉનલોડ કરાવી ક્રેડિટ કાર્ડ મારફતે ઠગાઈ આચરી

વલસાડ : મોબાઈલ અને ઈન્ટરનેટનો વ્યાપ વધતા જ લોકોની અજાણતા કે લાલચનો લાભ લઈને APK ફાઇલ ડાઉનલોડ કરાવી છેતરપિંડી કરવાના અનેક ગુનાઓ સતત સામે આવતા રહે છે.

બેંક, ક્રેડિટ કાર્ડ અપડેટ, KYC અથવા રિવોર્ડ પોઇન્ટના બહાને મોકલાતી ફેક APK ફાઇલ દ્વારા મોબાઈલ હેક કરી નાણાકીય ઠગાઈ કરવામાં આવે છે. આવી જ રીતની વધુ એક ગંભીર ઘટના વલસાડમાંથી બહાર આવી છે, જેમાં અજાણ્યા શખ્સોએ મોબાઈલમાં APK ફાઇલ ડાઉનલોડ કરાવી ક્રેડિટ કાર્ડ મારફતે મોટી રકમની ઓન લાઈન ઠગાઈ આચરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડના રહેવાસી હેમીર દેસાઈએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું છે કે, અજાણ્યા શખ્સોએ તેમના મોબાઈલ ફોનને હેક કરી બે ક્રેડિટ કાર્ડ મારફતે કુલ રૂપિયા 1,26,314ની ઓનલાઈન શોપિંગ કરી ઠગાઈ કરી છે. ફરિયાદ મુજબ 12 સપ્ટેમ્બર 2024ના રોજ તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ દરમિયાન ક્રેડિટ કાર્ડ અપડેટના બહાને 'HDFC Credit Card.APK' નામની ફાઈલ મોકલવામાં આવી હતી. ફાઈલ ખોલતા જ મોબાઈલમાં પ્રવેશ મેળવી લેવાયો અને ત્યારબાદ વ્યક્તિગત માહિતી મેળવી લેવામાં આવી હતી. બાદમાં ફરિયાદીના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બે ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂપિયા 1,26, 314ની ઓનલાઈન ખરીદી કરવામાં આવી હતી. પૈસા ડેબિટ થવાના મેસેજ આવ્યા બાદ ફરિયાદીએ તરત જ બેંકને જાણ કરી કાર્ડ બ્લોક કરાવ્યા હતા. આ ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### છીરીમાં પરિણીતાને ત્રાસ આપનાર પતિ-સાસુ સામે ફરિયાદ

વાપી : વાપી નજીકના છીરી, મલ્હાબાર હિલ્સમાં ઈફ્ફત મારૂફ ચૌધરી (ઉં.35) પરિવાર સાથે રહે છે. વર્ષ 2024 માં પુત્રીનો જન્મદિવસ હોય જેથી પતિ મારૂફને કેક લાવવાનું કહેતા તે લાવ્યો ન હતો. જે બાદ પત્ની કેક લઈને આવી તો તે ફેંકી દીધી હતી અને તેની સાથે મારઝૂડ કરી હતી. ત્યારબાદ પુત્રીને ભણવા માટેનો ખર્ચો તથા કપડા ખરીદી કરવાના પૈસાની માંગણી કરી હતી. ત્યારે પણ માર માર્યો હતો. સાસુ ફેમીદા પત્નીને છોડી દઈ બીજા લગ્ન કરી લેવાનું કહે છે. એક દિવસ પત્ની સૂતેલી હતી, ત્યારે પતિએ જગાડી પિયર ચાલી જવાનું કહી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. શારીરિક-માનસિક ત્રાસ આપનાર પતિ અને સાસુ સામે પરણિતાએ વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## નવસારીમાં લગ્ન કરવાની આશામાં શિક્ષિકા ફસાઈ

**શિક્ષિકા** સાથે લગ્નની દુવા કરવાના બહાને રૂપિયા 2.12 લાખની છેતરપિંડી કરનાર રાજસ્થાનથી ઝડપાયો

નવસારી : નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના એક ગામમાં રહેતી ખાનગી શાળાની શિક્ષિકા સાથે લગ્નની દુવા કરવાના બહાને રૂપિયા 2.12 લાખની છેતરપિંડી કરનાર ઠગબાજને મરોલી પોલીસે રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લાથી ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીથી સાયબર ગુનાઓ સામે પોલીસની સતર્કતા ફરી એકવાર સામે આવી છે.

ફરિયાદ મુજબ, પીડિત શિક્ષિકાએ ઈન્સ્ટાગ્રામ પર "Marriage Problem Solution" નામની એક એકાઉન્ટ જોઈ હતી, જે મોહમ્મદ બિલાલભાઈ નામે સંચાલિત હોવાનું દર્શાવાતું હતું. મનપસંદ યુવક સાથે લગ્ન કરવા ઈચ્છતી શિક્ષિકા આ એકાઉન્ટ મારફતે સંપર્કમાં આવી હતી. ત્યારબાદ આરોપીએ દુવા, વિધિ અને વિવિધ ચાર્જના બહાને અલગ-અલગ સમયે નાણાંની માંગણી કરી હતી. વિશ્વાસમાં લઈને પીડિતાએ આરોપી દ્વારા મોકલેલા સ્કેનર અને બેંક ખાતામાં કુલ રૂપિયા 2.12 લાખ ટ્રાન્સફર કર્યા હતા. પછી પોતાને ઠગાઈનો ભોગ બન્યાનો અહેસાસ થતાં પીડિતાએ મરોલી પોલીસ સ્ટેશનમાં સાયબર ક્રાઈમ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. નવસારી જિલ્લા એસ.પી. રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ અને પી.આઈ. આર.એસ. ગોહિલની દેખરેખમાં ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સના આધારે ટીમે રાજસ્થાન જઈ આરોપી લોકેશ ઉર્ફે લક્કી પંકજકુમાર ભારતીને શ્રીગંગાનગરમાંથી ધરપકડ કરી હતી. આરોપી પાસેથી બે મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે.

## લુન્સીકુઇમાં ધોળા દિવસે રૂપિયા 2.55 લાખની ચોરી

**તસ્કરે** ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી રોકડ અને દાગીનાની ચોરી જતા લોકોમાં ભયનો માહોલ

નવસારી : નવસારી શહેરના લુન્સીકુઇ વિસ્તારમાં આવેલા ગુલાબદાસની વાડી સ્થિત સુરભી એપાર્ટમેન્ટના ફ્લેટ નં. 101 માં ધોળા દિવસે ઘરફોડ ચોરીની ઘટના સામે આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ અંગે બીનાબેન સંજયભાઇ ગોળવાલા (ઉં. 57) દ્વારા નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ તા. 12 જાન્યુઆરી 2026ના રોજ સવારે 11:30 થી બપોરે 2:30 દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરે ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદમાં અંદરના રૂમમાં આવેલા કબાટનો લોક તોડી તેમાં રાખેલી રોકડ અને દાગીનાની ચોરી કરી ફરાર થયો હતો.

ચોરીમાં રૂપિયા 30,000 રોકડા, 40 ચાંદીના સિક્કા, અડધા તોલાની સોનાની ચેઇન, ચાંદીનો ગ્લાસ, સોનાની કાનની બુટ્ટી તથા સોનાની વીંટી મળી કુલ આશરે રૂપિયા 2.55 લાખની માલમત્તા ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ધોળા દિવસે બનેલી ઘટનાથી એપાર્ટમેન્ટના રહેવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. લોકો કહે છે કે દિવસ દરમિયાન પણ ઘરો સલામત ન રહેતા હોવાને કારણે સુરક્ષાને લઈ ચિંતા વધી રહી છે.

ઘટનાની જાણ થતાં જ નવસારી ટાઉન પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં પૂછપરછ કરી છે અને સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરની શોધખોળ શરૂ કરી છે. પોલીસે તસ્કરને ઝડપવા ટીમોને તહેનાત કરી છે.

## નવસારીમાં LSD અને ગાંજા સાથે ત્રણ ઝડપાયા

નવસારી : નવસારી જિલ્લાના વેસ્મા વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીથી ડ્રગ્સ પ્રવૃત્તિ સામે પોલીસની સતર્કતા સામે આવી છે. રાજ્યના પોલીસ મહાનિર્દેશકની સૂચનાને ધ્યાનમાં લઈને સ્ટેટ મોનિટરિંગ સેલે મળેલી ચોક્કસ બાતમીના આધારે વેસ્મા ઓવરબ્રિજ નીચે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી બ્લુ કલરની હીરો હોન્ડા બાઈક પર આવેલા ત્રણ ઈસમોને અટકાવી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જલાલપુર તાલુકાના સરાવ ગામના મીઠા ફળિયામાં રહેતા જેનીશ મુકેશભાઈ પટેલ સહિત બે અન્ય ઈસમો પાસેથી પ્રતિબંધિત એલએસડી હાઈ ક્વોલિટી ડ્રગ્સ પેપર (વજન 02.30 મિલિગ્રામ, કિંમત અંદાજે રૂપિયા 1.32 લાખ) તેમજ 33.8 ગ્રામ ગાંજો (કિંમત રૂપિયા 2 હજાર) મળી આવ્યો હતો. સાથે બાઈક સહિત કુલ રૂપિયા 1.98 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાયદાકીય કાર્યવાહી હાથ ધરી ત્રણેય ઈસમોને કબજામાં લીધા હતા.

પૂછપરછ દરમિયાન ગાંજાનો જથ્થો વિજલપોરના વિઠ્ઠલ મંદિર વિસ્તારમાં રહેતા વાસુદેવ ઈશ્વરભાઈ પાટીલ પાસેથી મેળવ્યો હોવાનું બહાર આવતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.


### વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે જી. નવસારી, તા. ચીખલીના મોજે: દેગામ ગામના ખાતા નં. ૮૭૦, બ્લોક નં. (જુનો) ૧૦૨૪ (નવો) ૧૮૪૧ ક્ષેત્રફળ ૨-૧૬-૮૨ (હે.આરે.ચો.મી.) આકાર રૂા. ૬.૬૮ પૈસા તથા ખાતા નં. ૮૭૦, બ્લોક નં. (જુનો) ૧૦૧૬ (નવો) ૧૮૫૧ ક્ષેત્રફળ ૦-૦૮-૭૫ (હે.આરે.ચો.મી.) આકાર રૂા. ૦.૨૫ પૈસા વાળી ખેતીની જમીન વનીતાબેન, નરોત્તમભાઈ ચીમનભાઈ, ભુપેન્દ્રભાઈ ચીમનભાઈ, કુસુમબેન ચીમનભાઈ, ચીમનભાઈ, વર્ષાબેન ચીમનભાઈ, શકુંતલાબેન ચીમનભાઈ, મનીષાબેન ચીમનભાઈ વિગેરેના સંયુક્ત માલીકીની જણાવી તેમના કુલમુખત્યાર વિજયકુમાર શામજીભાઈ પટેલ, રહે. ગણદેવી, કાદીપોર, તા. ગણદેવી, જી. નવસારીનાઓ સદર જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદર મિલકતમાં કોઈનો વાંધો, હકક, હિસ્સો, લાગભાગ, દર-દાવો, તર-તકરાર, હિત, સંબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક, હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭ માં પુરાવા સહિત લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈપણ જાતનો હકક, હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલો છે એમ માની હમારા અસીલ સદર મીલકત ટાઈટલ કલીયર સમજી પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યક્તિઓને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

નવસારી,
તા. ૧૩-૦૧-૨૦૨૬

અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ થયેથી,
નટવરલાલ એચ. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)

રહે.: જી.એલ.એ.૧, તુલસીવન સોસાયટી, છાપરારોડ, નવસારી. મો: 098255 42504


## સંક્ષિપ્ત સમાચાર

### રૂપિયાની લેતી-દેતીમાં આધેડનું અપહરણ કરનારા બે મહારાષ્ટ્રથી ઝડપાયા



નવસારી : મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આસણા ગામે ઈંટભઠ્ઠા નજીક રૂપિયાની લેતી-દેતીના મુદ્દે આધેડનું અપહરણ થયાની ઘટનામાં પોલીસને મોટી સફળતા મળી છે. આ કેસમાં આરોપી મોસીન કુરેશી અને રોહિત ચૌધરીને મરોલી પોલીસે મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડ્યા હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ તા. 12 જાન્યુઆરી 2026ના રોજ સવારે આસણા ગામે બુલેટ ટ્રેનના બીમ પાસે, બ્લોક સર્વે નં. 318 ખાતે આવેલ ઈંટભઠ્ઠા નજીક આરોપીઓએ બાકી રકમની ઉઘરાણીના મુદ્દે આધેડને દબાણમાં લઈ સફેદ રંગની ઇનોવા કારમાં જબરજસ્તીથી બેસાડી અપહરણ કર્યું હતું. બનાવ બાદ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ મરોલી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આસપાસના વિસ્તારોમાં પૂછપરછ, નાકાબંધી અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ગુપ્ત માહિતીના આધારે મરોલી પોલીસે મહારાષ્ટ્રમાં કાર્યવાહી કરી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હોવાનું પોલીસ સૂત્રો જણાવે છે. હાલ બંને આરોપીઓની પૂછપરછ ચાલી રહી છે. પોલીસ દ્વારા અપહરણ પાછળના સમગ્ર ઘટનાક્રમ, અન્ય સંડોવાયેલા લોકો તથા વપરાયેલી ઇનોવા કાર અંગે વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### રાનકુવામાં બાઇક રોડની સાઇડે ઉતરી તારખુંટાના ફેન્સિંગમાં ભટકાતા યુવકનું મોત

ઘેજ : રાનકુવા ગામે મોટર સાયકલ રોડની સાઇડે ઉતરી તારખુંટાના ફેન્સિંગમાં ભટકાતા ધડોઇના યુવકનું મોત નીપજ્યું હતું. જ્યારે મોટર સાયકલ પાછળ બેસેલી નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીને શરીરે ઇજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેવામાં આવી હતી. ધડોઇના પટેલ ફળીયા તા.મહુવા જિ.સુરત ખાતે રહેતા સ્મિત રાજેશભાઇ પટેલ (ઉ.વ-૨૦) સોમવારે બપોરે ચીખલી કામકાજ અર્થે આવ્યો હતો. અને તેની મહિલા મિત્ર (રહે.સિંગાડ તા.વાંસદા જી.નવસારી) સાથે પરત વાંસદા તરફ જઇ પોતાની હીરો હોન્ડા પેશન પ્રો નં જીજે-૧૯-કે-૮૮૮૯ લઈને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ જઇ રહ્યો હતો. દરમ્યાન રાનકુવા પટેલ વાડી પાસે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા મોટર સાયકલ રોડની સાઇડે ઉતરી જઇ તારખૂંટાના ફેન્સિંગ સાથે અથડાતા સ્મિત પટેલને માથામાં ગંભીર ઇજા થતાં મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલી નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીને ઇજા થતા ચીખલીની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઉપરોક્ત બનાવ અંગેની ફરિયાદ મરનારના કાકા યોગેન્દ્ર પટેલે આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીઆઇ-ડી.એસ.કોરાટ કરી રહ્યા છે.

### ખેરગામમાં ફાયનાન્સના બે કર્મચારીની ૩૧ મહિલા ગ્રાહક સાથે ૮.૩૭ લાખની છેતરપિંડી

ખેરગામ : ખેરગામ ખાતે આવેલી એલએન્ડટી (L&T) ફાયનાન્સ કંપનીમાં ફરજ બજાવતા બે કર્મચારીએ પૂર્વ આયોજિત કાવતરું રચીને ૩૧ જેટલી મહિલા ગ્રાહક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. આ કેસની વિગતો મુજબ ખેરગામના રૂમલા સ્થિત સુથારવાડમાં આવેલી એલએન્ડટી ફાયનાન્સની ઓફિસમાં અંકિત જયંતી પટેલ (રહે.સહયોગ સોસાયટી, દેસાઈવાડ, ખેરગામ) અને સુનિલ સુરેશ રાઠોડ (રહે.પોસ્ટ ઓફિસ પાસે, ખેરગામ) ફરજ બજાવતા હતા. આ બંનેએ લોન ધરાવતી ૩૧ મહિલા ગ્રાહકનો સંપર્ક કર્યો હતો. ગ્રાહકો જ્યારે પોતાની લોન વહેલી પૂર્ણ કરવા (ફોર-ક્લોઝર) માટે નાણાં લઈને આવ્યા, ત્યારે આ બંનેએ મહિલાઓ પાસેથી કુલ રૂપિયા ૮,૩૭,૮૫૧ની રોકડ રકમ સ્વીકારી હતી. ગ્રાહકોને વિશ્વાસમાં લેવા માટે બંનેએ કંપનીના નામે ખોટી અને બનાવટી પાવતીઓ બનાવીને આપી દીધી હતી. જોકે, આ રકમ કંપનીના સત્તાવાર લોન એકાઉન્ટમાં જમા કરાવવાને બદલે બંને કર્મચારીઓએ પરસ્પર મિલીભગત કરી પોતાના અંગત વપરાશ માટે વાપરી નાંખી હતી. જ્યારે ગ્રાહકોના ખાતામાં લોન બાકી હોવાનું જણાયું, ત્યારે આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. આ બાબતે અંકિત શંકર પટેલે ખેરગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે. હાલ પીઆઈ પી.ડી.ચૌધરી દ્વારા આ મામલે ઊંડી તપાસ ચલાવ વામાં આવી રહી છે.

### પારડીમાં ચાઈનીઝ દોરીના વેચાણને રોકવા પોલીસનું ચેકિંગ


અમૃત પટેલ

પારડી : મકરસંક્રાંતિ પર્વને ધ્યાનમાં રાખીને, પારડી પોલીસે બજાર વિસ્તારમાં ચાઈનીઝ દોરીના વેચાણને રોકવા માટે ફૂટ પેટ્રોલિંગ અને સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન પોલીસે પતંગ અને દોરા વેચતી દુકાનોની તપાસ કરી હતી, પરંતુ કોઈપણ દુકાનમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી મળી ન હતી. સાંજના સુમારે, પારડી પોલીસ મથકના પીઆઈ જી.આર.ગઢવી અને તેમની ટીમે પારડી પોલીસ સ્ટેશનથી ગૌરવ પથ, વલસાડી ઝાંપા થઈને મુખ્ય બજારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. તળાવની પાળ પર આવેલી લગભગ 10 થી વધુ પતંગ અને દોરા વેચતી દુકાનોની તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ શાકભાજી માર્કેટમાં પાંચથી છ જેટલી દુકાન સહિત અન્ય દુકાનોમાં પણ ચાઈનીઝ દોરીની તપાસ કરવામાં આવી હતી. જોકે, પોલીસને ક્યાંયથી પણ ચાઈનીઝ દોરી મળી ન હતી. આ દર્શાવે છે કે, પારડીમાં હાલ સ્વદેશી દોરા અને પતંગનું વેચાણ થઈ રહ્યું છે.


HDFC BANK
We understand your world

રજિસ્ટર્ડ ઓફિસઃ એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ - 400 013 અને એચડીએફસી બેંક લિમિટેડ, પહેલો માળ, આઇ-થિંક ટેક્નો કેમ્પસ, કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ - 400042 ખાતે રિટેલ પોર્ટફોલિયો મેનેજમેન્ટ તરીકે તેની એક ઓફિસ છે

**એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકવામાં આવેલી સિક્યોરિટીઝના વેચાણ માટે વેચાણની નોટિસ અને જાહેર નોટિસ**

એચડીએફસી બેંક લિમિટેડ ("બેંક")ના નીચે જણાવેલા ઋણધારકોને સિક્યોરિટીઝ સામે લોન/ઓવરડ્રાફ્ટના સ્વરૂપમાં ક્રેડિટ સુવિધાઓ મેળવવા માટે બેંકને ગીરવે મુકવામાં આવેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.
લોનની શરતો અનુસાર બાકી રકમની ચુકવણી કરવામાં દેવાદારો દ્વારા સતત ડિફોલ્ટ થવાને કારણે નીચેના લોન ખાતાઓ ડિલિન્કન્ટ સ્થિતિમાં છે. બેંકે આ દેવાદારોને ઘણી નોટિસો જારી કરી છે, જેમાં નીચે જણાવેલ તારીખે અંતિમ વેચાણ નોટિસનો સમાવેશ થાય છે, જેમાં બેંકે ગિરવે મુકવાની વિનંતી કરી હતી અને ઋણ લેનારને નીચેના ખાતાઓમાં બાકી રહેલી બધી રકમ ચૂકવવા માટે 7 દિવસનો સમય આપ્યો હતો, જો આમ ન થાય તો, બેંક આ સંદર્ભમાં વધુ નોટિસ આપ્યા વિના ગિરવે મુકેલી સિક્યોરિટીઝ વેચવા માટે સ્વતંત્ર રહેશે. ઋણ લેનારાઓએ બાકી રકમ ચૂકવવામાં અવગણના કરી છે અને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, તેથી, લોન કરાર હેઠળના તેના અધિકારોનો ઉપયોગ કરીને, ગિરવે મુકનાર તરીકે બેંકે 21 જાન્યુઆરી 2026 ના રોજ અથવા તે પછી ઋણ લેનારાઓ દ્વારા બેંકને બાકી રહેલી રકમ વસૂલવા માટે સિક્યોરિટીઝ વેચવા / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. ઋણ લેનારાઓને એ પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, શેરબજારમાં અસ્થિરતાને કારણે ગિરવે મુકેલી સિક્યોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે છે અને માર્જિન જરૂરિયાતમાં વધુ ઉણપ સર્જાય છે, તો બેંક તેના વિવેકબુદ્ધિથી એક (1) કેલેન્ડર દિવસની અંદર, આ સંદર્ભમાં કોઈપણ નોટિસ વિના, ગિરવે મુકેલી સિક્યોરિટી વેચી દેશે. ઋણ લેનાર(ઓ) ગિરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણમાંથી મળેલી રકમના સમાયોજન પછી, બાકી રહેલી કોઈપણ રકમની ચુકવણી માટે બેંકને જવાબદાર રહેશે.

| ક્રમાંક | લોન એકાઉન્ટ નંબર | ઋણ લેનારનું નામ | ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બાકી રકમ | વેચાણ નોટિસની તારીખ |
|---|---|---|---|---|
| 1 | XXXXXXXXXX0180 | રાજીવ ગૌતમ | 4,25,406.00 | 07-01-2026 |
| 2 | XXXXXXXXXX3204 | વિજયભાઈ એમ રોહિત | 1,20,751.98 | 12-01-2026 |
| 3 | XXXXXXXXXX2981 | ભરતભાઈ લાલાભાઈ પટેલ | 9,87,447.82 | 07-01-2026 |
| 4 | XXXXXXXXXX6033 | નિશા દિલીપ સોલંકી | 335.82 | 07-01-2026 |
| 5 | XXXXXXXXXX7801 | રોહિત શૈલેન્દ્રકુમાર | 29,421.00 | 12-01-2026 |

તારીખ: 14.01.2026
સ્થળ: દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

એસડી/-
એચડીએફસી બેંક લિ.